ashirvad foundation
Serving Humanity Since 1977

# Ashirvad Foundation

Regd. No.: E/3141/Ahmedabad

# વાર્ષિક અહેવાલ

## વર્ષ : ૨૦૨૧-૨૨

"Joining our mission is the most impactful way to give"

Donations to Trust is eligible u/s 80G vide
URN : AAATA5858NF19783.
&
Companies Act, 2013 CSR eligibility
vide Registration Number : CSR00013876

For the convenience of non-Gujarati Patients and Well Wishers :-
Given short English version on relevant pages of this report.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૦૧ | ટ્રસ્ટી મંડળ તથા કમિટી સભ્યો | ૩ |
| ૦૨ | "આશીર્વાદ ફાઉન્ડેશન" નવા મકાનની ઉદ્‌ઘાટન વિધિ | ૪ |
| ૦૩ | આશીર્વાદ હાઉસની ઝલક | ૫-૬ |
| ૦૪ | અમે આભારી છીએ... | ૭ |
| ૦૫ | આશીર્વાદ સર્કલ | ૮ |
| ૦૬ | આપનો સહકાર અમારી શક્તિ | ૯ |
| ૦૭ | આશીર્વાદ ઓલ્વેઝ અહેડ | ૧૦ |
| ૦૮ | આશીર્વાદ - માનવસેવામાં હરહંમેશ પ્રથમ | ૧૧ |
| ૦૯ | સેવા પ્રવૃત્તિ અને લાભાર્થી (૨૦૨૧-૨૨) | ૧૨ |
| ૧૦ | 'આશીર્વાદ - જીવતુ જાગતુ મંદિર' | ૧૩ |
| ૧૧ | ધરતી રત્ન એવોર્ડ ઈવેન્ટ-૮ | ૧૪-૧૫ |
| ૧૨ | વિનામૂલ્યે ડ્રાઈવ થ્રૂ વેક્સિનેશન | ૧૬-૧૭ |
| ૧૩ | સ્તનકેન્સર : સંસ્થાનો ફ્લેગશીપ પ્રોજેક્ટ | ૧૮-૨૭ |
| ૧૪ | હેલ્થ ચેક-અપ તથા માસ્ક, સેનિટાઈઝર વિતરણ | ૨૮ |
| ૧૫ | વિનામૂલ્યે મેડિકલ કેમ્પની ઝલક વર્ષ ૨૦૨૧-૨૨ | ૨૯-૩૧ |
| ૧૬ | નિષ્ણાંત તબીબોનું સેવા પત્રક | ૩૨ |
| ૧૭ | રીડીંગરૂમ - લાયબ્રેરી - નવરંગપુરા, ચાંદલોડીયા | ૩૩-૩૪ |
| ૧૮ | આશીર્વાદ લગ્ન સહાયક સેવાઓ | ૩૫ |
| ૧૯ | દાતાઓનું ઋણ સ્વીકાર | ૩૬-૩૯ |
| ૨૦ | ટીમ આશીર્વાદ ફાઉન્ડેશન | ૪૦ |

# ટ્રસ્ટી મંડળ તથા કમિટી સભ્યો

## Trustees & Committee Members



CA આર એસ પટેલ, પ્રમુખ
(B.Com., LLB, FCA)



ડૉ. કિરણ સી. પટેલ, ઉપપ્રમુખ
(M.S. Ortho.)



ડૉ. કૃષ્ણકાંત એમ. પટેલ, સેક્રેટરી
(M.B.B.S.)



કેતુલ પટેલ
(B.Com., LLB, FCA)

## કમિટી સભ્યો



શ્રીમતી હીનાબહેન એમ. જરીવાલા
(B.Pharma, DBA)



CA જનીશ જે. પટેલ
(B.Com., FCA)



શ્રી રમણભાઈ જે. પટેલ
ઇન્ડિકા લેબોરેટરી



ડો.ધવલ મોદી
M.S. (Ophthalmologist)



શ્રી ગિરીશભાઈ જે. પટેલ
(B.Sc., M.Ed.)



શ્રી અરવિંદભાઈ એમ. પટેલ
(B.A., B.Com., L.L.B.)

## "આશીર્વાદ હાઉસ" ઉદ્‌ઘાટન વિધિ...



આશીર્વાદ ફાઉન્ડેશનના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરતાં રાજ્યસભાના સાંસદ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નરહરિભાઈ અમિન,સંસ્થાના પ્રમુખ શ્રી આર.એસ.પટેલ, ટ્રસ્ટી ડો.કીરણભાઇ પટેલ, મેડીકલ સેન્ટરના ડાયરેક્ટર શ્રીમતી હિનાબેન જરીવાલા




'આશીર્વાદ હાઉસ'
પર, નાથાલાલ કોલોની, આશીર્વાદ ફાઉન્ડેશન સર્કલ,
સરદાર પટેલ કોલોની પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪

સંસ્થાને ઉપરોક્ત મકાન પ્રમુખ શ્રી આર.એસ. પટેલ તથા શ્રીમતી કુસુમ આર. પટેલ દ્વારા વિના ભાડે આપવા માટે સંસ્થા તેમની ઋણી છે.

# "આશીર્વાદ હાઉસ" ની ઝલક




વિશ્વ કેન્સર દિવસની ઉજવણી :
૦૪-૦૨-૨૦૨૨

વેઈટીંગ લોન્જ







દાંત વિભાગ

ગ્રાઉન્ડ ફ્લોર





કોન્ફરન્સ હોલ
(પ્રથમ માળ)

# “આશીર્વાદ હાઉસ” ની ઝલક




આંખ વિભાગ


કાનની બહેરાશનો વિભાગ





મેરેજ બ્યૂરો

સોનોગ્રાફી વિભાગ





મેમોગ્રાફી વિભાગ

## અમે આભારી છીએ...

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ધરતી રત્ન એવોર્ડ-૮ સમારંભના વિજેતાઓને એવોર્ડ વિતરણ માટે.

(૨) મા.શ્રી નરહરી અમિન, સંસદ સભ્ય અને પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા સંસ્થાના નવા મકાનના ઉદ્દ્ઘાટન માટે.

(૩) અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન

(અ) સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા ખાતે વિનામૂલ્યે ડ્રાઈવ થ્રૂ વેક્શીનેશન સેન્ટરની મંજૂરી માટે.

(બ) ૫૨, નાથાલાલ કોલોની, સરદાર પટેલ કોલોની પાસે, ડો. અમીન ચાર રસ્તા ઉપર, 'આશીર્વાદ ફાઉન્ડેશન સર્કલ' ની મંજૂરી માટે.

(૪) શ્રી જીગીશભાઈ દેવતા- જાણીતા ઈન્ટીરીયર ડેકોરેટર્સ દ્વારા વિનામૂલ્યે 'આશીર્વાદ ફાઉન્ડેશન સર્કલ'ની મનોરમ્ય ડીઝાઈન સેવા માટે.

(૫) અવિશી એમ. જરીવાલા, ઈન્ટીરીયર ડેકોરેટર્સ દ્વારા વિનામૂલ્યે સંસ્થાના ૫૨, નાથાલાલ કોલોનીના ત્રણ માળના મકાનના ઈન્ટીરીયર સેવા કાર્ય માટે.

(૬) પી.એસ.પી.લી.ના શ્રી પી.એસ. પટેલ દ્વારા વિનામૂલ્યે 'આશીર્વાદ ફાઉન્ડેશન સર્કલ'ના બાંધકામ સેવા માટે.

(૭) સ્તન કેન્સર જાગૃતિ અને નિદાન અભિયાન અન્વયે, જાગૃતિ અભિયાન પ્રોગ્રામ માટે વિવિધ સંસ્થાઓના સહકાર માટે.

(૮) માનનીય દાતાશ્રીઓ જેમના સહકારથી સંસ્થાની પ્રવૃત્તિઓને વેગ મળે છે.

(૯) સ્તન કેન્સર નિદાન અને જાગૃતિ અભિયાન સંસ્થાના ફ્લેગશીપ પ્રોજેક્ટમાં અમદાવાદના જાણીતા બ્રેસ્ટ સર્જન ડો. શેફાલીબેન દેસાઈની સેવાઓ માટે.

(૧૦) ટી.વી. મીડીયા, પ્રિન્ટ મીડીયા તથા સામાજિક સંસ્થાઓ દ્વારા આશીર્વાદ ફાઉન્ડેશનની સેવા કાર્ય પ્રવૃત્તિઓને જરૂરીયાતમંદ લોકો સુધી લઈ જવા માટે.

# આશીર્વાદ સર્કલ

## આશીર્વાદ ફાઉન્ડેશનનું
## "આશીર્વાદ સર્કલ"
## સીમાચિન્હના પીંછામાં વધુ એક ઉમેરો.

આશીર્વાદ ફાઉન્ડેશનની યશકલગીમાં વધુ એક ગૌરવપૂર્ણ પિંછાનો ઉમેરો થઈ રહ્યો છે. આશીર્વાદ ફાઉન્ડેશન સંચાલિત મેડિકલ સેન્ટર કાર્યરત છે તે ચાર રસ્તાનો વિસ્તાર હવે આશીર્વાદ સર્કલના નામથી ઓળખાશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ ચાર રસ્તા ઉપર આશીર્વાદ સર્કલની મંજૂરી આપવામાં આવી છે. આશીર્વાદ ફાઉન્ડેશન ના લોગોની પાંદડાઓની આકર્ષક ડિઝાઈન દ્વારા સંસ્થાની આગવી ઓખળ ઊભું કરતું "આશીર્વાદ સર્કલ"નું નિર્માણ, શહેર સુશોભન ક્ષેત્રે એક નજરાણું બની રહેશે. દૂરથી આંખે વળગે તેવી મનોરમ્ય અને અદ્દભૂત ડિઝાઈન દ્વારા આ ચાર રસ્તાનો વિસ્તાર હવે રાહદારીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે.



# 'આશીર્વાદ ફાઉન્ડેશન'

## "આપનો સહકાર અમારી શક્તિ"

'હવે બિમારીમાં નહી
થાય કોઈ લાચાર
નહિવત ખર્ચે
"આશીર્વાદ"
થકી થશે
ઉપચાર'

સત્કર્મ એ એક
આશીર્વાદ છે.

પ્રાર્થના પ્રભુ સાથેની
હોટલાઈન છે.
-પ્રમુખ સ્વામી મહારાજ
. . . . .

નાના નાના 'દાન'
માનવસેવાના ઝરણાં
બનીને છેવટે કરૂણાનો
દરિયો બને છે.
'આરેશ'
. . . . .

Contacts:
9408507102
E-mail:
ashirvad.trust@gmail.com
Phone:
(079) 29998918

'ધન' એ ગણિતની
વાત છે ત્યાં હૃદયને
સ્થાન નથી.
'દાન' એ હૃદયની વાત છે
ત્યાં ગણિતને સ્થાન નથી.
'આરેશ'

આપણી "દાનત"
ચમત્કારીક રીતે આપણો
સ્વભાવ બની જાય છે.
આપણું "દાન" ચમત્કારીક
રીતે આપણો જીવાનંદ
બની જાય છે.

'Nownobody
should feel helpless,
"Ashirvad"
to help at
minimal cost.

## છેલ્લા પાંચ વર્ષના લાભાર્થી

| ક્રમ નં. | વર્ષ | લાભાર્થી | નોંધ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧,૧૩,૪૦૦ | |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧,૩૦,૬૨૪ | |
| ૩ | ૨૦૧૯-૨૦ | ૧,૧૪,૮૭૯ | |
| ૪ | ૨૦૨૦-૨૧ | ૮૭,૩૫૦ | કોવિડ મહામારી વર્ષના લાભાર્થી |
| ૫ | ૨૦૨૧-૨૨ | ૮૯,૧૨૪ | કોવિડ મહામારી વર્ષના લાભાર્થી |

વર્ષ: ૧૯૯૬-૯૭ થી ૩૧-૦૩-૨૦૨૨ સુધી લાભાર્થીઓ
**૧૦,૨૦,૭૬૩**

# Ashirvad Always Ahead

ashirvad foundation
Serving Humanity Since 1977

Ashirvad Always think out of box and is pioneer in taking new initiative and continuing it for betterment of the society at large.

We are First to Start

1. Year 1996 : ...... 24/7 Airconditioned reading room library for needy students pursuing professional studies.

2. Year 2009 : ...... 'Dharti Ratna Award' to felicitate humanitarian heroes with huge inspiration and impact on society.

3. Year 2014 : ...... Pharmacy Shop in Ahmedabad offering 15% flat discount on all standard companies medicines when no chemist was giving any discount, now increased to 25% .

4. Year 2015 : ...... FREE OF CHARGE events of 'Career in Medicine' for $11^{th}$-$12^{th}$ B stream students.

5. Year 2019 : ..... Flagship project of Breast Cancer diagnosis at 10% of market rate Rs.300/- only. This disease is rise in India, killing innocent women for want of early diagnosis and treatment.

6. Year 2021 : .... Distributed free of charge, one lakh sanitizer tubes to reputed service organizations within 1 month of first lockdown.

7. Year 2022 : ..... 'Free Drive through Vaccination center' during COVID pandemic at Sardar Patel Stadium, Ahmedabad catering to almost 10,000 beneficiaries just within period of 8 days in association with Ahmedabad Municipal Corporation.

# આશીર્વાદ ફાઉન્ડેશન માનવસેવામાં હરહંમેશ પ્રથમ હરોળમાં



વર્ષ ૧૯૯૬થી અમદાવાદ ખાતે સૌપ્રથમ ૨૪/૭ કલાક
એરકન્ડીશન સાથે ૨ રીડીંગરૂમની સેવાઓ




વર્ષ ૨૦૦૯થી ગુજરાતનો પ્રતિષ્ઠિત અને ગૌરવશાળી
"ધરતી રત્ન એવોર્ડ" સૌ પ્રથમ શરૂ કરવાનું ગૌરવ.



વર્ષ ૨૦૧૪થી  અમદાવાદ ખાતે સૌ પ્રથમ દવાઓ
ઉપર ૧૫% છૂટ અત્યારે ૨૫% છૂટ.



વર્ષ ૨૦૧૫થી ભારતમાં સૌપ્રથમ- વિનામૂલ્યે
કેરીયર ઈન મેડીસીન કોન્ફરન્સ



વર્ષ ૨૦૧૯થી સ્તન કેન્સર મેમોગ્રાફી-સોનોગ્રાફી
બજાર કિંમત રૂા.૩૦૦૦/- સામે સૌ પ્રથમ રૂા.૩૦૦/- માં



વર્ષ ૨૦૨૧-૨૨ આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ
મ્યુ.કોર્પોરેશનના સહયોગથી સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે
વિનામૂલ્યે પ્રથમ ડ્રાઈવ થ્રૂ સેન્ટરની સેવા

વર્ષ ૨૦૨૦ કોવિડ મહામારીના
પ્રથમ મહિનામાં ૧ લાખ સેનેટાઈઝરની
ટ્યુબ, માસ્કનું વિનામૂલ્યે વિતરણ



# આશીર્વાદ ફાઉન્ડેશનની સેવા પ્રવૃત્તિઓ અને લાભાર્થી
## » વર્ષ ૨૦૨૧-૨૨. કુલ લાભાર્થી સંખ્યા-૮૯,૧૨૪ «

## » Services of Ashirvad Foundation with Beneficiaries «
## Year 2021-22. Total Beneficiaries - 89,124



બ્રેસ્ટ કેન્સર નિદાન અભિયાન
મેમોગ્રાફી-સોનોગ્રાફી :૯૨૭ લાભાર્થી




આશીર્વાદ મેડીકલ સેન્ટર
૧૩૫૩૫ લાભાર્થી



બ્રેસ્ટ કેન્સર જાગૃતિ અભિયાન
૧૩ પ્રોગામ ૯૮૦ લાભાર્થી




વિનામૂલ્યે મેડિકલ કેમ્પ
૨૪૧૫૫ લાભાર્થી




ફાર્મસી શોપના
૩૭૪૭૦ લાભાર્થી



આશીર્વાદ લાઈબ્રેરી
૨૨૫૬ લાભાર્થી




ડ્રાઇવ થ્રુ વેકસીનેશન પ્રોગ્રામ
૮૫૭૦ લાભાર્થી



મેરેજ બ્યૂરો
૫૩૪ લાભાર્થી

વર્ષ: ૧૯૯૬-૯૭ થી ૩૧-૦૩-૨૦૨૨ સુધી લાભાર્થીઓની સંખ્યા
**૧૦,૨૦,૭૬૩**

# ‘આશીર્વાદ ફાઉન્ડેશન’
# જીવતું જાગતું મંદિર

પ્રભુ અમે તમને રંગ-બેરંગી વિવિધ પથ્થરોની  મૂર્તિઓમાં, મસ્જિદોમાં, હોમ - હવનમાં અને
સત્સંગની સભાઓમાં બહુ શોધ્યા, પ્રભુ અમે તમને તો ‘આશીર્વાદ ફાઉન્ડેશન’માં
દુઃખી, દર્દી અને નિરાધાર અબળાઓનાં આંસુ લુછતા હાજરા હજુર દીઠા.

સ્તન કેન્સર હોય કે ગર્ભાશયનું કેન્સર તે હોય કે ના હોય, તેના જાગૃતિ અભિયાનમાં ‘ચેકઅપ
કરાવો અને જીવન બચાવો’ નો શંખનાદ ફૂકતાં, ‘આશીર્વાદ’ના
સંનિષ્ઠ – સેવાભાવી કર્મચારીઓને સતત દોડતા અમે દીઠા.

‘મનને ગમતું લાયક પાત્ર મેળવો અને સુખી થાવ’ ની પ્રબળ ભાવનાને જગાડતા
આશીર્વાદની લગ્ન સહાયક સેવાઓને બિરદાવતા યુવાન-યુવતીઓને સુખી થતા અમે દીઠા.

‘ભણો અને ભણાવો’, સ્વયં આગળ વધો અને બીજાઓ માટે પોલાદી ખભો બનો’
આવા શુભ ભાવે સેંકડો તેજસ્વી વિદ્યાર્થીઓના પ્રેરણામુર્તિ બનનાર આશીર્વાદના
સેવાકાર્યોને અમે સ્વયં દીઠા.

મેડીકલ સેન્ટર હોય કે મેડીકલ નિદાન કેમ્પ હોય કે દર્દીઓ માટેનો દર્દીલો પુકાર હોય,
આશીર્વાદ ફાઉન્ડેશનના ડોક્ટરોના સતત વહેતા ઉમદાભાવને અમે દીઠા.

માનવસેવાની પ્રવૃત્તિથી ધમધમતા ‘આશીર્વાદ હાઉસ’ માં ‘ગ્લોરી ઓફ ગુજરાત’થી સન્માનિત
માનવસેવાને સમર્પિત એવા મુખ્ય ટ્રસ્ટીશ્રી આર.એસ.પટેલને સેવાના કાર્યમાં અમે વ્યસ્ત દીઠા.

પ્રભુ અમે તમને પથ્થરની મૂર્તિઓમાં, મંદિરોમાં, મસ્જિદોમાં અને હોમ-હવનમાં બહુ શોધ્યા,
પ્રભુ અમે તમને તો ‘આશીર્વાદ ફાઉન્ડેશન’માં દુઃખી, દર્દી અને નિરાધાર, અબળાઓનાં આંસુ
લુછતા હાજરા હજુર દીઠા.

કાન્તિ પટેલ (કવિરાજ)
ધરતી રત્ન એવોર્ડ-૮ પ્રસંગે
તા.૩૦-૦૭-૨૦૨૨

# 'ધરતી રત્ન એવોર્ડ' સમારંભ-૮
## તા.૩૦.૦૭.૨૦૨૨




મુખ્ય મહેમાન મા.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, મા.શ્રી નરહરિભાઈ અમિન, (રાજ્યસભાના સાંસદ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી),શ્રી કૌશીકભાઇ પટેલ (પૂર્વ મહેસુલ મંત્રી), શ્રી પી.એસ.પટેલ (દાતાશ્રી) તથા શ્રી અરવિંદભાઇ દલાલ (વિધાનસભા સદસ્ય) સાથે મહેમાનશ્રીઓ તથા સંસ્થાના હોદ્દેદારશ્રીઓ



માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સંસદસભ્ય શ્રી નરહરી અમિન, જસ્ટીસ એસ.એમ.સોની દિપ પ્રાગટ્ય પ્રસંગે




માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આશીર્વચન આપતા

# 'ધરતી રત્ન એવૉર્ડ' સમારંભ-૮
તા.૩૦.૦૭.૨૦૨૨




મુખ્ય મહેમાન મા.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાથે ધરતી રત્નો



## અમારા અતિથિ રત્નો.....

# વિનામુલ્યે ડ્રાઇવ થ્રુ વેક્સીનેશન સેન્ટર 'મે-૨૦૨૧'

## Free Drive Through Vaccination Center

- કોવિડ મહામારીના સમયમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સૌપ્રથમ ડ્રાઈવ થ્રુ વેક્સિન સેન્ટર, અમદાવાદના નવરંગપુરા ખાતેના સરદાર પટેલ સ્ટેડિયમમાં ડ્રાઈવ થ્રુ સેન્ટરની વ્યવસ્થા સંભાળવામાં આવી. પ્રથમ અઠવાડિયામાં જ ૧૦૦૦૦ જેટલી વેક્સીન આપવાનું ઉમદા કાર્ય કરવાનું સૌજન્ય પ્રાપ્ત થયું.



OF INDIA

INDIA'S LARGEST ENGLISH NEWSPAPER

To order your copy, call 1800 120 0004 toll free or visit- subscribe.timesgroup.com

NETANYAHU SAYS ISRAEL FIRM ON JERUSALEM AS GLOBAL CONCERN OVER VIOLENCE MOUNTS

West A'bad records 65% corona cases, east sees 68% deaths

Himanshu.Kaushik @timesgroup.com

Ahmedabad: The corona pandemic is playing rather differently in the city of Ahmedabad. Ironic it may seem but while west Ahmedabad has recorded 65% of the Covid-positive cases during the pandemic but it was east Ahmedabad where majority 68% deaths were recorded. The western part, which had 31% of the city's 22,282 cases as on June 13 of 2020, is now a Covid hotspot. On May 7, the west accounted for

A medic inoculates a man at a drive-in vaccine campaign in Ahmedabad



કોરોના વેક્સિનેશન માટે ડ્રાઈવ થ્રુ શ

રાજ્યમાં કોરોનાનું વેક્સિનેશન પુરજોશમાં શરૂ કરવામાં આવ્યું છે. જેની વચ્ચે આજે અમદાવાદ શહેરમાં ડ્રાઈવ થ્રુ વેક્સિનેશનની શરૂઆત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમમાં શરૂ કરવામાં આવ્યું છે. ૪૫ વર્ષથી ઉપરના લોકોને ડ્રાઈવ થ્રુ વેક્સિન આપવામાં આવશે. આજે વહેલી સવારથી જ નવરંગપુરા સ્ટેડિયમ ખાતે ગાડીઓની લાઈન લગાવી હતી. સરદાર પટેલ સ્ટેડિયમથી સરદાર પટેલ બાવલા સુધી ગાડીઓની એક કિલોમીટર લાંબી લાઈન લાગી છે. જોકે માત્ર ગાડીઓમાં આવનાર લોકોને જ વેક્સિનેશન આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. ટુ વ્હીલર પર આવનાર લોકોને પરત મોકલવામાં આવતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો.ત્યારે બાદ હવે ટુ વ્હીલર વાળાને પણ પ્રવેશ આપવામાં આવ્યો છે. લોકોને લાઈનમાં અંદર જવા દેવામાં આવે છે. સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે સવારે ૯ થી ૧ અને સાંજે ૩ થી ૭ નો વેક્સીનેશનનું આયોજન કરાયું છે. પરંતુ વેક્સીનેશન શરૂ થાય એ પહેલાં જ રોડ પર વાહનોની લાંબી લાઈન લાગી ગઈ હતી. વેક્સીનેશન માટે સ્ટેડિયમખાતે અલગ અલગ ૩ લાઈન બનાવવામાં આવી છે. જેમાં લોકો વાહનો સાથે અંદર જઈ શકે છે. રજિસ્ટ્રેશન કર્યા બાદ ૩ બુથ પર વેક્સીનેશનની વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહિ, વેક્સીન લીધા બાદ તબીબી ટીમ સાથે ઓબ્ઝર્વેશન માટેની પણ વ્યવસ્થા ગોઠવાઈ છે. છદ્દાક ની વ્યવસ્થાથી રસી લેવા આવનારા આ આયોજનથી થયા ખુશ થયા છે. હાલ રાજ્યમાં બેકાબૂ બનેલ કોરોનાને રોકવા માટે વધુ પ્રમાણ વેક્સિનેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. અમદાવાદ શહેરમાં થોડા સમય પહેલા જોએ ડ્રાઈવ થ્રુ કોરોના ટેસ્ટિંગ શરૂ કરવામાં આવ્યા હતા, જ્યારે હવે શહેરમાં આજથી(૮મે) ડ્રાઈવ થ્રુ વેક્સિનેશનની શરૂ માં આવી છે. આ ઉપરાંત ગાંધીનગરમાં પણ હેલિપેડ ગ્રાઉન્ડમાં ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન શરૂ થયું છે.






# વિનામુલ્યે ડ્રાઇવ થ્રુ વેક્સીનેશન સેન્ટર

## સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા, અમદાવાદ, તા.૧૦-૦૫-૨૦૨૧



દિવ્ય ભાસ્કર

અમદાવાદ, સોમવાર, 10 મે, 2021

**ડ્રાઇવ થ્રુ વેક્સિનેશનમાં ગાડીઓની 1 કિમી લાંબી લાઇન, 1 જ દિવસમાં 1779 લોકોએ રસી મુકાવી**



ડ્રાઇવ થ્રુ વેક્સીનેશનમાં ગાડીઓની
૧ કી.મી.લાંબી લાઇન એક જ
દિવસમાં ૧૭૭૯ લોકોએ રસી મુકાવી







વેક્સીન લેવા માટે ૩ કલાક વેઈટીંગની લાઇન હોવા છતાં, અમદાવાદની જનતાએ જે શિસ્તનું પાલન કર્યું તે અભિવાદનને પાત્ર છે.



# સ્તન કેન્સર નિદાન-જાગૃતિ
# સંસ્થાનો ફ્લેગશીપ પ્રોજેક્ટ

સ્તન કેન્સર નિદાન તથા જાગૃતિ અભિયાન

કેન્સર પીડા વગરનો રોગ હોવાથી ટેસ્ટ વિના ચોથા સ્ટેજમાં ક્યારે પહોંચી જાય છે તેની ખબર પડતી નથી. ૩૫થી વધુ વયની મહિલાઓએ મેમોગ્રાફી અને સોનોગ્રાફી ટેસ્ટ કરાવવા અનિવાર્ય છે. પ્રથમ ત્રણ સ્ટેજ સુધી મોટાભાગના દર્દીઓને બચાવી શકાય છે. સ્તન કેન્સરનો ઈલાજ ચોથા સ્ટેજમાં ખૂબ જ જટીલ બને છે, જેથી દર્દી, કુટુંબ અને પૈસા તેમ ત્રણેયની અપાર મુશ્કેલીઓ વધે છે. ભારત દેશમાં આ ટેસ્ટ નહિવત થતા હોવાથી રોગનો વ્યાપ વધતો જાય છે.

ભારતમાં ૨૦ મહિલાઓમાં દર એક સ્ત્રીને જીવન દરમ્યાન સ્તન કેન્સર થઈ શકે છે. જાણીતા બ્રેસ્ટ સર્જન ડોક્ટર શેફાલીબેન દેસાઈના અભિપ્રાય મુજબ જુદી જુદી વય મુજબ નીચેના ટેસ્ટ જરૂરી બને છે.

| અનુક્રમ | વય મર્યાદા | ક્યા ટેસ્ટ કરાવવા જોઈએ |
|---|---|---|
| ૧ | ૩૫ વર્ષથી નીચે | સ્તન સોનોગ્રાફી |
| ૨ | ૩૫ થી ૪૦ વર્ષની વય | દર વર્ષે સ્તન મેમોગ્રાફી અને સોનોગ્રાફી |
| ૩ | ૪૦ વર્ષથી વધુ વય | દર બે વર્ષે સ્તન મેમોગ્રાફી અને સોનોગ્રાફી |
| ૪ | ૫૦ વર્ષ વધુ વય | દર વર્ષે સ્તન મેમોગ્રાફી અને સોનોગ્રાફી |

સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સ્તન કેન્સર નિદાન અને જાગૃતિ અભિયાન અન્વયે નીચેના પ્રોગ્રામ કરવામાં આવ્યા.

★ તા.૦૪.૦૨.૨૦૨૨ વિશ્વ કેન્સર દિવસે અને તા.૦૮.૦૩.૨૦૨૨ વિશ્વ મહિલા દિવસે કુલ ૨૦૦ બહેનોના સ્તન કેન્સર ચેકઅપ, મેમોગ્રાફી અને સોનોગ્રાફી વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા.

★ ત્રણ બહેનોના નિદાનમાં પેટ સ્કેન, બાયોપ્સી, પેપ ટેસ્ટ, સર્જરી તથા કિમોથેરાપી વિગેરે વિનામૂલ્યે/રાહતદરે સંસ્થા દ્વારા કરી આપી ત્રણ બહેનોને સ્વસ્થ કરવાનું શ્રેય આશીર્વાદની સ્તન કેન્સર ટીમને જાય છે.

★ ઓક્ટોબર ૨૦૨૧ વિશ્વ સ્તન કેન્સર જાગૃતિ મહિના તરીકેની ઉજવણીમાં સંસ્થા દ્વારા નારણપુરા વિસ્તારમાં ૪૦ જેટલા હોર્ડિંગ મૂકી સ્તન કેન્સર મહિલા જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું.

★ અમદાવાદના દુરદરાજના વિસ્તારો તથા આજુબાજુના અંતરિયાળ ગામોમાં આશીર્વાદ ફાઉન્ડેશન વિમેન વેલનેસ મોબાઈલવાન દ્વારા, વર્ષ દરમ્યાન વિનામૂલ્યે અનેક જાગૃતિ અભિયાન કરવામાં આવ્યા. જે મહિલાઓને સ્તન કેન્સર નિદાન કરાવવું હોય તેમને સંસ્થાની મોબાઈલ વાનમાં વિનામૂલ્યે લઈ જવા લાવવાની વ્યવસ્થા કરવામાં આવી.

★ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં ૯૨૭ મહિલાઓના મેમોગ્રાફી-સોનોગ્રાફી ટેસ્ટ કરવામાં આવ્યા અને કેન્સર જાગૃતિ અભિયાન અન્વયે ૧૩ પ્રોગ્રામ દ્વારા ૯૮૦ બહેનો લાભાર્થી થયા.

# સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ ૨૦૨૧-૨૨

## લાભાર્થીઓની સંખ્યા


| વિગત | કુલ કાર્યક્રમની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ | ૧૩ | ૯૮૦ |

| અનુ. | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨.૧૨.૨૦૨૧ | કામેશ્વર વિદ્યાવિહાર, અમદાવાદ |
| ૨ | ૧૮.૧૨.૨૦૨૧ | ડેફોડીલ ફાર્મા કેમ પ્રા.લિ. ખાત્રજ, કલોલ |
| ૩ | ૩૧.૧૨.૨૦૨૧ | ઈન્ડિકા લેબોરેટરી, જોગ-સંજોગ સેવા ટ્રસ્ટ તથા હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનના સહયોગથી માણસા ગામ |
| ૪ | ૧૧.૦૧.૨૦૨૨ | તત્વમસી શાળા, ઓગણજ, અમદાવાદ |
| ૫ | ૩૧.૦૧.૨૦૨૨ | બોપલ કેળવણી મંડળ પ્રાથમિક શાળા, બોપલ, અમદાવાદ |
| ૬ | ૦૪.૦૨.૨૦૨૨ | વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ તથા મેમોગ્રાફી અને સોનોગ્રાફી ચેક-અપ પ્રોગ્રામ આશીર્વાદ હાઉસ, આશીર્વાદ ફાઉન્ડેશન, અમદાવાદ |
| ૭ | ૧૬.૦૨.૨૦૨૨ | સહજાનંદ નર્સિંગ કોલેજ, ઝુંડાલ, ગાંધીનગર |
| ૮ | ૨૩.૦૨.૨૦૨૨ | મા ઉમિયાધામ સોલા, ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ |
| ૯ | ૦૨.૦૩.૨૦૨૨ | વિશ્વ મહિલા દિવસ નિમતે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ મા ઉમિયાધામ, વસ્ત્રાલ, અમદાવાદ |
| ૧૦ | ૦૫.૦૩.૨૦૨૨ | વિકાસગૃહ, પાલડી, અમદાવાદ |
| ૧૧ | ૦૮.૦૩.૨૦૨૨ | વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ તથા મેમોગ્રાફી અને સોનોગ્રાફી ચેક-અપ આશીર્વાદ હાઉસ |
| ૧૨ | ૦૮.૦૩.૨૦૨૨ | વિશ્વ મહિલા દિવસ નિમિત્તે રોટરેક્ટ ક્લબ ઓફ અમદાવાદ, મિડટાઉન, અમદાવાદ |
| ૧૩ | ૧૬.૦૩.૨૦૨૨ | પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટ, સીટીએમ, અમદાવાદ |

## તા.૦૪.૦૨.૨૦૨૨ વિશ્વ કેન્સર દિવસ

- વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા ૨૦૦ મહિલાઓના મેમોગ્રાફી - સોનોગ્રાફીના ટેસ્ટ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા.

- ત્રણ બહેનોના સ્તન કેન્સરના રીપોર્ટ પોઝીટીવ આવ્યા, જેમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે બાયોપ્સી,પેટ સ્કેન,સર્જરી, કીમોથેરાપીની તથા દવાઓની નાણાંકીય મદદ કરવામાં આવી, જેમના અભિપ્રાય આ પછીના પાના ઉપર છે.



ગુજરાત સમાચાર

FRIDAY
04 February, 2022

આશીર્વાદ ફાઉન્ડેશન
આજ રોજ
વિશ્વ કેન્સર ડે 4th FEB
નિમિતે
વિના મુલ્યે
આજના દિવસ દરમિયાન રૂબરૂ કે - ફોન દ્વારા નોંધણી કરાવનાર પ્રથમ ૧૦૦ બહેનોના રૂા.૨૫૦૦/- ની બજાર કિંમતના
સ્તન કેન્સર મેમોગ્રાફી-સોનોગ્રાફી
પરીક્ષણ વિનામૂલ્યે કરી આપવામાં આવશે.
નોંધણીના ક્રમ પ્રમાણે એપોઈન્ટમેન્ટ આપવામાં આવશે.

આજરોજ "આશીર્વાદ હાઉસ" ચાર રસ્તા તથા સરદાર સ્ટેડીયમ છ રસ્તા ઉપર રાહદારી તથા વાહન ચાલકોને ફ્રી સેનેટાઈઝર ટ્યુબ તથા બ્રેસ્ટ કેન્સર તપાસની રાહતદરની કુપનનું વિતરણ કરવામાં આવશે.

આશીર્વાદ ફાઉન્ડેશન : "આશીર્વાદ હાઉસ", પર, નાથલાલ કોલોની, સરદાર પટેલ કોલોની પાસે, નવરંગપુરા, અમદાવાદ.

નોંધણી માટે ફોન : (મો.) ૯૪૦૮૫૦૭૧૦૨, ૦૭૯-૨૯૯૯ ૮૯૧૭

સ્તન કેન્સર માહિતી બુકલેટ કિંમત રૂ.૧૫/- ખરીદી, સમાજમાં વહેંચવા વિનંતી




તા.૦૪.૦૨.૨૦૨૨ વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં સ્તન કેન્સર અંગે માહિતી આપતા હોર્ડિંગ્સ મૂકવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૧-૨૨

# વિમેન વેલનેસ ક્લિનિક

## Breast & Cervical Cancer Diagnosis Project







વિમેન વેલનેસ ક્લિનિક મોબાઈલવાન અમદાવાદની આસપાસનાં ગામડાઓમાંથી સ્તન અને ગર્ભાશયના કેન્સર નિદાન માટે દર્દીઓને વિનામૂલ્યે લાવવા મૂકવાની સેવાઓ આપે છે.

# સંસ્થાનો ફ્લેગશીપ પ્રોજેક્ટ : સ્તન કેન્સર ચેકઅપ તથા જાગૃતિ અભિયાન



### માહિતીના અભાવે લાખો મહિલાનું મૃત્યુ થાય છે

## આશિર્વાદ ફાઉન્ડેશન દ્વારા ગર્ભાશયના કેન્સર વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ તા.૧૨

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સંદર્ભે તા.૧૦-૩-૨૦૨૧ ના રોજ આશીર્વાદ ફાઉન્ડેશન, એસ.એસ.વી.કેમ્પસ, ગાંધીનગર અને લાયન્સ કલબ દ્વારા સંયુક્ત આયોજિત સ્તન કેન્સર અને ગર્ભાશય કેન્સર વિશે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં આશીર્વાદ ફાઉન્ડેશન સાથે જોડાયેલા ડો. કલ્પનાબેન પુરોહિત (ગાયનેકોલોજિસ્ટ) દ્વારા મહિલાઓમાં થતાં સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સરના પ્રકારો, લક્ષણો, નિદાન, ઉપચાર તથા સર્જરી વિશે આશરે ૭૦ શિક્ષિકાઓ તેમજ વાલીઓને સમજ આપી હતી. જેમાં એસ.એસ.વી.કેમ્પસના તરલિકાબેન પટેલ તેમજ શાળાના આચાર્ય છાયાબેન ભટ્ટ હાજર રહ્યા હતા.

માહિતીના અભાવે વર્ષે લગભગ ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓ મૃત્યુ પામે છે મહિલાઓના સ્વસ્થ્ય અધિકાર મુજબ યોગ્ય જ્ઞાન આદાન પ્રદાન કરવાથી મહિલાઓનું જીવન બચાવી શકાય છે. તેમ આર.એસ.પટેલ વતી પ્રમુખ આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા જણાવાયું છે.

**જયહિંદ ડેઈલી (તા. ૧૨-૦૩-૨૦૨૧)**



### આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા

## શિક્ષિકાઓ માટે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ તા.૧૨

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા તત્વમસિ સ્કૂલ ઓગણજ, અમદાવાદ ખાતે ૧૧મી જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ વુમન વેલનેસ ક્લિનીક પ્રોગ્રામ હેઠળ કિન્નરી ભટ્ટ તથા ટીમ દ્વારા શિક્ષિકાઓ માટે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૬૦ થી વધુ શિક્ષીકાઓ તથા અન્ય બહેનોએ આ જાગૃતિ અભિયાનનો લાભ લીધો. સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મહિલાઓને સ્તન કેન્સર ચેક-અપ વિશેની માહિતી માટે શિક્ષીત કરવામાં આવ્યા હતા.

### કાર્યક્રમમાં ૬૦ થી વધુ શિક્ષિકા અને બહેનોએ ભાગ લીધો

સ્તનના સ્વ.પરીક્ષણ દ્વારા ૫ મહત્વના પગલાં દ્વારા કોઈ નાની ગાંઠ, લાલ ચકામા, કે ખીલ, ફોલ્લી અથવા નિપલમાં થી પ્રવાહી ઝરતું હોય તો આ ચિન્હો દેખાય તો ડોકટરી તપાસ કે મેમોગ્રાફી અને સોનોગ્રાફી દ્વારા વહેલા તબક્કે થતું સ્તન કેન્સરનું નિદાન થઈ શકે છે.

આ માહિતીથી મોટાભાગની શિક્ષીકાઓ અજાણ હોવાથી તથા આ સમસ્યાઓ સમજવા માટે આ લાભ તેમને અગાઉ કયારેય મળ્યો ના હોવાથી સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ અંગે સૌએ પ્રશંસા કરી હતી તેઓએ આ માહીતી બીજી પાંચથી દસ બહેનોને પહોંચાડવાની ખાતરી આપી હતી. દરેક શિક્ષીકાઓને વિના મૂલ્યે સેનીટાઈઝર ટયુબનું વિતરણ તથા સ્તન સ્વ.પરીક્ષણની ૧૨ મહિનાની ટ્રેક-શીટ નો ટેબલ ચાર્ટ આપવામાં આવ્યો હતો.

કેન્સર એટલે કેન્સલ નહીં પરંતુ નવજીવનની શરૂઆત

મુખ્ય મહેમાન - પ્રિન્સીપાલ શ્રી શૈલેશભાઈ પટેલ


JAIHIND - AHMEDABAD

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા

## શિક્ષકો માટે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ તા.૩૧

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા આજરોજ બોપલ કેળવણી મંડળ, બોપલ અમદાવાદ ખાતે વુમન વેલનેસ ક્લિનિક પ્રોગ્રામ હેઠળ કિન્નરી ભટ્ટ તથા ટીમ દ્વારા શિક્ષકો માટે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૩ શિક્ષિકાઓએ મિટિંગમાં હાજરી આપી હતી.

### ૩૩ થી વધુ શિક્ષિકાઓએ કાર્યક્રમમાં ભાગ લીધો

સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મહિલાઓને સ્તન કેન્સર ચેક-અપ વિશેની માહીતી માટે શિક્ષિત કરવામાં આવ્યા હતા. તેમને આ માહિતી રસપ્રદ લાગી હતી કારણ કે તેમને આ સમસ્યાઓ સમજવા માટે આ લાભ ક્યારેય મળ્યો ન હતો.

શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે સ્તન કેન્સર ચેક-અપ કૂપનનો વિના મૂલ્યે લકી ડ્રો યોજવામાં આવ્યો હતો. શિક્ષકોને વિનામૂલ્યે સેનીટાઈઝર ટ્યુબ તથા માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું

ન્યૂઝ પેપર : જયહિંદ

મુખ્ય મહેમાન - ડો. શેફાલીબેન દેસાઈ
બ્રેસ્ટ સર્જન

તારીખ : ૦૪.૦૨.૨૦૨૨
સ્થળ : આશીર્વાદ ફાઉન્ડેશન સર્કલ અને સ્ટેડિયમ ૬ રોડ સર્કલ, અમદાવાદ
વિષય : વિશ્વ સ્તન કેન્સર દિવસ નિમિત્તે વિનામૂલ્યે મેમોગ્રાફી અને સોનોગ્રાફી ચેક-અપ કૂપનનું વિતરણ તથા મેમોગ્રાફી અને સોનોગ્રાફી ચેક-અપ પ્રોગ્રામ, ફ્રી સેનિટાઈઝર ટ્યુબ વિતરણ, સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ
લાભાર્થીઓની સંખ્યા : ૧૦૧૯૦
ફ્રી સેનિટાઈઝર ટ્યુબ વિતરણ : ૧૦૦૦૦
ફ્રી મેમોગ્રાફી અને સોનોગ્રાફી ચેક-એપ કેમ્પ



મુખ્ય મહેમાન - ડો.શેફાલી દેસાઈ

**તા. ૩-૩-૨૦૨૨ ગુરુવાર**

# આરોગ્ય પ્રભાત

## સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ



વિશ્વ મહિલા દિવસ નિમિત્તે આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા ૨ માર્ચ, ૨૦૨૨ના રોજ ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા, શ્રી ઉમિયા પરિવાર મહિલા સમિતિ, વસ્ત્રાલ, અમદાવાદ ખાતે વુમન વેલનેસ ક્લિનિક પ્રોગ્રામ હેઠળ આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક શ્રી આર.એસ. પટેલ, શ્રી હિનાબેન જરીવાલા, તથા ડૉ. જાગૃતિબેન પટેલની આગેવાની હેઠળ કીન્નરી ભટ્ટ તથા ટીમ દ્વારા શ્રી ઉમિયા પરિવાર મહિલા સમિતિ માટે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ૧૦૦ થી વધુ મહિલાઓએ મીટીંગમાં હાજરી આપી.

કાર્યક્રમની શરૂઆત ડૉ. શેફાલી દેસાઈ, ડો. જાગૃતિબેન પટેલ, તથા અન્ય આગેવાનના પાવનહસ્તે દીપ-પ્રાગટ્યથી કરવામાં આવી. શહેરના જાણીતા બ્રેસ્ટ સર્જન ડો.શેફાલી દેસાઈએ ચીફ ગેસ્ટ તરીકેનું સ્થાન શોભાવ્યું હતું તથા તેમની સેવાકીય પ્રવૃત્તિનો પરિચય આપ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે સ્તન કેન્સર પીડા વગરનો રોગ હોવાથી કોઈપણ જાતના ટેસ્ટ વિના ચોથા સ્ટેજ સુધી પહોંચી જાય છે. કોઈપણ કેન્સરનો ઈલાજ ચોથા સ્ટેજમાં પહોંચી ગયા બાદ જટીલ અને ખર્ચાળ બની જાય છે. એક અંદાજ મુજબ ભારતમાં દર વીસમાંથી એક મહિલા સ્તન કેન્સરનો ભોગ બનતી જોવા મળે છે. બદલાતા જતા સમયમાં સામાન્ય લોકોની રહેણી કરણીના લીધે હવે સ્તન કેન્સર પુરૂષોમાં પણ જોવા મળે છે. દર વર્ષે આપણા દેશમાં કેન્સરના ૮ થી ૧૦ લાખ નવા કેસ આવતા હોય છે. એક અંદાજ મુજબ જેમાંથી ૬૫ ટકા દર્દીઓ મોતને ભેટે છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૩ ટકા સ્તન કેન્સરના કેસોમાં વધારો જોવા મળ્યો છે.

સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મહિલાઓને સ્તન કેન્સર ચેક-અપ વિશેની માહિતી માટે શિક્ષિત કરવામાં આવ્યા હતા. તેમને આ માહિતી રસપ્રદ લાગી હતી કારણ કે તેમને આ સમસ્યાઓ સમજવા માટે લાભ ક્યારેય મળ્યો ન હતો.

શ્રી ઉમિયા પરિવાર મહિલા સમિતીને પ્રોત્સાહિત કરવા માટે સ્તન કેન્સર ચેક-અપ કૂપનનો વિના મૂલ્યે લકી ડ્રો યોજવામાં આવ્યો. શ્રી ઉમિયા પરિવાર મહિલા સમિતીની મહિલાઓને વિનામૂલ્યે સેનીટાઈઝર ટ્યુબનું વિતરણ કરવામાં આવ્યું.

ન્યૂઝ પેપર : વેસ્ટર્ન ટાઈમ્સ
તા.03.0૨.૨૦૨૨

મુખ્ય મહેમાન - પ્રિન્સીપાલ સોનલબેન પટેલ



તારીખ : ૦૫.૦૨.૨૦૨૨

સ્થળ : વિકાસ ગૃહ, પાલડી

વિષય : સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ

મુખ્ય મહેમાન - શ્રી જયંતિભાઈ સી.પટેલ
પાર્શ્વનાથ કોર્પોરેશન



તારીખ : ૦૮.૦૩.૨૦૨૨
સ્થળ : આશીર્વાદ હાઉસ, આશીર્વાદ ફાઉન્ડેશન, અમદાવાદ
વિષય : સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ

મુખ્ય મહેમાન - શ્રી જોઈતાભાઈ પટેલ
રોટરી ક્લબ



તારીખ : ૦૮.૦૩.૨૦૨૨
સ્થળ : રોટરી ક્લબ ઓફ અમદાવાદ, મિડટાઉન, અમદાવાદ
વિષય : સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ

મુખ્ય મહેમાન - શ્રી મદન સંચેતીજી




તારીખ : ૧૨.૦૩.૨૦૨૨
સ્થળ : ખ્યાતિ કેમિકલ્સ પ્રા.લી., વટવા, અમદાવાદ
વિષય : ફ્રી હેલ્થ ચેક-એપ કેમ્પ

મુખ્ય મહેમાન - આશાબેન પટેલ




જાગૃતિ કાર્યક્રમ - કિન્નરી ભટ્ટ

તારીખ : ૧૬.૦૩.૨૦૨૨
સ્થળ : પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટ, સીટીએમ ચાર રસ્તા, અમદાવદ
વિષય : સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ

## દર્દીઓના પ્રતિભાવ

# ૩ દર્દીઓને સ્તન કેન્સરનું નિદાન થયું



હું દિનેશ ખીમલાણી છું, હું સ્તન કેન્સર માટે મારી માતા સાથે આશીર્વાદ ફાઉન્ડેશનમાં અહીં આવ્યો છું. મને અહીંથી ખબર પડી કે મારી માતાને સ્તન કેન્સર છે. આ લોકોએ મને ઘણી મદદ કરી. આ ફાઉન્ડેશન ઘણું સારું છે. અહીં ફાઉન્ડેશનમાં આવ્યા પછી અમને લાગે છે કે આ અમારા પોતાના ઘર જેવું વાતાવરણ છે. કેન્સરથી ડરશો નહીં. આ લોકો તમારી સાથે પરિવારની જેમ વર્તે છે. તમને ખૂબ સારું માર્ગદર્શન આપે છે. આજે મારી માતા અહીં બેઠી છે. આ લોકોએ અમને ખૂબ પ્રોત્સાહિત કર્યા અને અમારી મદદ કરી. આર્થિક મદદ પણ કરી. આવા અનેક ટેસ્ટ છે જે બજાર કિંમત કરતા ઘણા ઓછા ભાવે અહીં કરી આપવામાં આવે છે.




મારૂં નામ સંજીવ પાઠક છે અને મારી પત્નીનું નામ ભારતી પાઠક છે. અમે આશીર્વાદ ફાઉન્ડેશન પર આવ્યા. જ્યાં તેમણે અમને શારીરિક રીતે માનસિક રીતે દરેક રીતે સાથ આપ્યો બધું સારું થઇ જશે. મારી પત્નીનું ઓપરેશન આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા કરી આપવામા આવ્યું. ઉપરાંત પેટ સ્કેનના રૂ.૧૪,૫૦૦/- પણ આ સંસ્થાએ આપ્યા.

દર્દી ભારતીબેન પાઠકના પ્રતિભાવ

થોડા ટાઈમ પહેલા મને ખબર પડી કે મને બ્રેસ્ટ કેન્સર છે. કેન્સરનું નામ સાંભળીને હું બહુ નર્વસ હતી કારણ કે આમ નાનપણથી સાંભળતી આવું છું કે કેન્સર એટલે બહુ મોટી બીમારી. મે આશીર્વાદમાં મારી ટ્રીટમેન્ટ કરાવી, બધા ટેસ્ટ થયા અને આર.એસ. પટેલ સાહેબે, સ્ટાફ અને ડોક્ટરે બહુ સપોર્ટ કર્યો. આ સંસ્થાએ અમને એક પરિવારની જેમ ટેકો આપ્યો. મારો ઓપરેશનનો ખર્ચ આશીર્વાદ ફાઉન્ડેશન અને તેની સહયોગી સંસ્થા ભૂદરદાસ સેવાનિધી ચેરીટેબલદ્વારા આપવામાં આવ્યો.

# વિનામૂલ્યે મેડિકલ હેલ્થ ચેક-અપ તથા માસ્ક, સેનિટાઈઝર વિતરણ કાર્યક્રમ ૨૦૨૧-૨૨ લાભાર્થીની સંખ્યા

લાભાર્થીની સંખ્યા :-

| અનુ. | વિગત | પ્રોગ્રામ સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મેડિકલ હેલ્થ ચેક-અપ કેમ્પ | ૯ | ૧૦૯૪ |
| ૨ | વિનામૂલ્યે માસ્ક, સેનિટાઈઝર તથા કૂપન વિતરણ કાર્યક્રમ | ૪ | ૨૩૦૬૧ |
| | કુલ | ૧૩ | ૨૪૧૫૫ |

મેડિકલ હેલ્થ ચેક-અપ કેમ્પ :-

| અનુ. | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪.૧૧.૨૦૨૧ | આશીર્વાદ ફાઉન્ડેશન તથા લાયન્સ ક્લબ ફોર્ટ, અમદાવાદના સહયોગથી ફ્રી મેડિકલ હેલ્થ ચેક-અપ કેમ્પ, આશીર્વાદ ફાઉન્ડેશન, અમદાવાદ |
| ૨ | ૨૭.૧૧.૨૦૨૧ | આશીર્વાદ ફાઉન્ડેશન ખાતે ફ્રી મેડિકલ હેલ્થ ચેક-અપ કેમ્પ, અમદાવાદ |
| ૩ | ૧૫.૧૨.૨૦૨૧ | સરદાર પટેલ સ્મારક, શાહીબાગ ખાતે ફ્રી મેડિકલ હેલ્થ ચેક-અપ કેમ્પ |
| ૪ | ૧૮.૧૨.૨૦૨૧ | ડેફોડીલ ફાર્મા કેમ પ્રા.લિ.ખાત્રજ, કલોલ |
| ૫ | ૩૧.૧૨.૨૦૨૧ | માણસા ગામ |
| ૬ | ૦૮.૦૧.૨૦૨૨ | ઓમ્ની લેન્સ પ્રા.લિ. ગાંધીનગર |
| ૭ | ૧૨.૦૧.૨૦૨૨ | રણછોડપુરા, રાંચરડા અને ડેફોકેર લેબોરેટરી, અમદાવાદ |
| ૮ | ૦૪.૦૨.૨૦૨૨ | વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે વિનામૂલ્યે મેમોગ્રાફી અને સોનોગ્રાફી ચેક-અપ પ્રોગ્રામ, આશીર્વાદ ફાઉન્ડેશન, અમદાવાદ |
| ૯ | ૧૨.૦૩.૨૦૨૨ | ખ્યાતિ કેમિકલ્સ પ્રા.લિ. વટવા તથા બોપલ ઓફિસ, અમદાવાદ |

વિનામૂલ્યે માસ્ક, સેનિટાઈઝર તથા કૂપન વિતરણ કાર્યક્રમ :-

| અનુ. | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૨૨.૦૧.૨૦૨૨ | આશીર્વાદ ફાઉન્ડેશન સર્કલ અને સ્ટેડિયમ ૬ રોડ સર્કલ, અમદાવાદ |
| ૨ | ૦૪.૦૨.૨૦૨૨ | વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે વિનામૂલ્યે મેમોગ્રાફી અને સોનોગ્રાફી ચેક-અપ પ્રોગ્રામ, આશીર્વાદ ફાઉન્ડેશન, અમદાવાદ |
| ૩ | ૧૭.૦૨.૨૦૨૨ | અલુવા પ્રાથમિક શાળા, કલોલ અને પિંડારડા પ્રાથમિક શાળા, ગાંધીનગર |
| ૪ | ૦૪.૦૩.૨૦૨૨ | રાણીપ પ્રાથમિક શાળા નં.૪, રાણીપ પગાર કેન્દ્ર શાળા નંબર ૩ અને સાબરમતી જેલ વિસ્તાર પ્રાથમિક શાળા, રાણીપ, અમદાવાદ |

# વિનામૂલ્યે મેડિકલ કેમ્પની ઝલક વર્ષ ૨૦૨૧-૨૨

મુખ્ય મહેમાન - ડીસ્ટ્રીક્ટ ગર્વનર- લાયન્સ ક્લબ
શ્રી જગદીશભાઈ અગ્રવાલ



તારીખ : ૧૪.૧૧.૨૦૨૧
સ્થળ : આશીર્વાદ ફાઉન્ડેશન
વિષય : આશીર્વાદ ફાઉન્ડેશન તથા લાયન્સ ક્લબ ફોર્ટ અમદાવાદના સહયોગથી ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પ

મુખ્ય મહેમાન - શ્રી જીતુભાઈ આર. પટેલ




તારીખ : ૧૨.૦૧.૨૦૨૨
સ્થળ : રણછોડપુરા, રાંચરડા અને ડેફ્રોકેર લેબોરેટરી, અમદાવાદ
વિષય : ફ્રી મેડીકલ ચેક અપ કેમ્પ

મુખ્ય મહેમાન - શ્રી મહંત દેવપ્રસાદજી મહારાજ,
આણદાબાવા સેવા સંસ્થાન

તારીખ : ૧૪.૧૧.૨૦૨૧
સ્થળ : આશીર્વાદ ફાઉન્ડેશન
વિષય : ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પ





**આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા ફ્રી મેડિકલ ચેક-અપ કેમ્પ યોજાયો**

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા આજે તેના મેડિકલ સેન્ટર પર, નાથાલાલ સોસાયટી, સરદાર પટેલ કોલોની પાસે, નવરંગપુરા ખાતે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

**૧૦૨થી વધુ દર્દીઓની તપાસ કરાઈ**

ફ્રી મેડિકલ ચેક-અપ કેમ્પસમાં ઓર્થોપેડિક સર્જન ડો. રુચિર પટેલ દ્વારા ૪૫ દર્દીઓનું આંખના સર્જન ડો. શશાંક રાઠોડની ટીમ દ્વારા ૬૮ દર્દીઓ અને દાંત વિભાગમાં ડો. રિધ્ધિ ટેલર અને ડો. પ્રીતિ પારિક દ્વારા ૩૫ દર્દીઓની તપાસ કરવામાં આવી. આ ઉપરાંત, હાડકાના કેલશ્યમની તથા ડાયાબિટીસની તપાસમાં પણ ૧૦૨ દર્દીઓના ટેસ્ટ કરવામાં આવ્યા. ઓર્થોપેડિક સર્જન દ્વારા જે દર્દીઓની ઢીંચણના અને મોતિયાના ઓપરેશન કરાવવાનું નિદાન થયું હોય તેમને સંસ્થા દ્વારા અતિ રાહત દરે ઓપરેશન કરી આપવાની સુવિધા પણ કરી આપવામાં આવી હતી. આનંદાબાવા સેવા સંસ્થાન, જામનગરના મહંત દેવપ્રસાદજી મહારાજના પાવન હસ્તે કેમ્પસની શરૂઆત દીપ-પ્રાગટ્ય અને આશીર્વચનથી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ આર.એસ. પટેલે સંસ્થાની સેવા પ્રવૃત્તિનો પરિચય આપ્યો અને જે દર્દીઓને આ કેમ્પમાં ઓપરેશન માટે ડોકટરે નિદાન કર્યું હોય એવા ગરીબ દર્દીઓને સંસ્થા દ્વારા મદદરૂપ થવાની ખાત્રી આપી હતી.

**ન્યૂઝ પેપર : પ્રભાત, તા. ૨૮.૧૧.૨૦૨૧, રવિવાર**

મુખ્ય મહેમાન - શ્રી જીતુભાઈ આર. પટેલ




તારીખ : ૧૮.૧૨.૨૦૨૧

સ્થળ : ડેફોડિલ ફાર્મા કેમ પ્રા.લિ.વટવા, અમદાવાદ

વિષય : ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પ તથા સ્તન કેન્સર જાગૃતિ અભિયાન

મુખ્ય મહેમાન - શ્રી રમણભાઈ જે. પટેલ



તારીખ : ૩૧.૧૨.૨૦૨૧

સ્થળ : માણસા ગામ

વિષય : ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પ

મુખ્ય મહેમાન - પૌલોમી જે પટેલ




તારીખ : ૦૮.૦૧.૨૦૨૨

સ્થળ : ઓમ્ની લેન્સ પ્રા.લી. ગાંધીનગર

વિષય : ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પ




અમદાવાદ મ્યુ.કોર્પોરેશન (પશ્ચિમ ઝોન) ના ડેપ્યુટી કમિશ્નર શ્રી આઇ.કે. પટેલ સાહેબ

ન્યૂઝ પેપર : દિવ્ય ભાસ્કર અને
વૈવિધ્ય ન્યૂઝ પેપર : તારીખ : ૨૩.૦૧.૨૦૨૨



દિવ્ય ભાસ્કર

અમદાવાદ, રવિવાર, 23 જાન્યુઆરી, 2022 | 03

## આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સેનેટાઈઝર તથા માસ્કનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું

અમદાવાદ | આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સરદાર પટેલ સ્ટેડિયમ પાસે આશીર્વાદ ફાઉન્ડેશન ચાર રસ્તા તથા સરદાર પટેલ સ્ટેડિયમ છ રસ્તા ખાતેથી પસાર થતાં રાહદારીઓને તેમજ વાહનચાલકોને 10 હજારથી વધુ 50 એમએલ સેનેટાઈઝર ટ્યુબ અને માસ્કનું વિનામૂલ્યે વિતરણ કરાયું. જેની બજાર કીમત રૂ. 2.5 લાખ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (પશ્ચિમ ઝોન)ના ડેપ્યુટી કમિશ્નર આઈ. કે. પટેલના હસ્તે આ કાર્યક્રમની દીપ-પ્રાગટ્ય વિધિ સંપન્ન કરાઈ હતી. આ પ્રસંગે ડેપ્યુટી કમિશ્નર આઈ. કે. પટેલે જણાવ્યું હતું કે, હાલ શહેરમાં કોરોના કેસોમાં પરખમ વધારો થઈ રહ્યો છે. તેથી માસ્ક પહેરવું અને વારંવાર હાથ સેનેટાઈઝ કરવા સૌથી મહત્વનું છે. શહેરીજનોમાં જાગૃતિ લાવવા આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે માસ્ક વિતરણ અને સેનેટાઈઝર ટ્યુબ આપવાનું કાર્ય પ્રશંસનીય છે.

સીએ આર. એસ. પટેલે જણાવ્યું હતું કે, હાલનાં સમયમાં વાઈરસનો ફેલાવો અટકાવવો અત્યંત જરૂરી છે. આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે 2021માં એએમસી સાથે ફ્રી ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન સેન્ટરનું સંચાલન કરવામાં આવ્યું હતું. જ્યારે આ વખતે અમારા ફાઉન્ડેશન દ્વારા આજરોજ માસ્ક અને સેનેટાઈઝર ટ્યુબનું વિતરણ

AHMEDABAD — વૈવિધ્ય — SUNDAY • 23-01-2022

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે સેનેટાઈઝર તથા માસ્ક વિતરણ

## મેડીકલ સેન્ટર - દર્દીઓના અભિપ્રાય

(૧) આશીર્વાદ ફાઉન્ડેશનમાં પ્રથમ વખત આવતાની સાથે ફાઉન્ડેશનની કામગીરી ફોટા-પ્રદર્શની નિહાળી- પ્રભાવિત થયો. ટ્રસ્ટ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ અને દાતાઓ દ્વારા ઓછા ખર્ચમાં નિદાન-સારવાર થાય છે. ટ્રસ્ટની કામગીરી સર્વજન નિરોગી, સર્વજન સુખાય જેવી છે. સંસ્થા દ્વારા પ્રભુકાર્ય થઈ રહ્યું છે. સર્વ ટ્રસ્ટીઓને અભિનંદન.

- પ્રફુલભાઈ મહેતા (તા.૨૬-૦૩-૨૨)

(૨) આશીર્વાદ ફાઉન્ડેશન ખૂબ જ સારૂં કામ કરે છે. હું જ્યારે બીજા કોઈ દવાખાને ગઈ હતી તો રિપોર્ટ માટે બ્લડ લેતી વખતે ખુબ જ તકલીફ થઈ હતી, જ્યારે અહીં તુરંત જ હાથની નસ શોધી લીધી અને ખબર પણ ના પડે એ રીતે લોહી લીધું હતું.

- વર્ષાબેન પરમાર (તા.૨૮-૦૪-૨૨)

(૩) આશીર્વાદ ફાઉન્ડેશનમાં મેમોગ્રાફી તથા પેપટેસ્ટ કરાવવાનો મારે અનુભવ ખૂબ જ સારો રહ્યો. સ્ટાફ અને ડોક્ટરનો અભિગમ ખૂબ જ પોઝિટીવ અને હેલ્પફુલ રહ્યો. ટ્રસ્ટ દ્વારા ખરેખર આવકારદાયક કામગીરી કરવામાં આવે છે. મારા તરફથી શુભેચ્છા.

- પીના પટેલ (તા.૦૩-૦૫-૨૨)

(૪) આશીર્વાદ ફાઉન્ડેશન એક સારામાં સારી સ્પીડી હોસ્પિટલ છે.અહીં અમને એકદમ ઝડપી સેવા મળી છે.

- દિપ્તી પટેલ (તા.૧૭-૦૫-૨૨)

(૫) શિક્ષણ અને  ચિકિત્સા ક્ષેત્રે સમાજસેવાનું ઉત્તમોત્તમ ઉદાહરણ એટલે આશીર્વાદ ફાઉન્ડેશન. સમગ્ર ટીમનો માનવીય અભિગમ ઉદાહરણીય છે. વધુને વધુ લોકો સુધી આ સેવા પહોંચે તેવી શુભેચ્છા.

-ગિ.જ. અંકલેસરિયા (તા.૦૮-૦૬-૨૨)

(૬) આશીર્વાદ ફાઉન્ડેશનની કામગીરી ઘણીજ સારી અને ઉમદા છે. મેડીકલ ફેસિલિટી પણ ઉત્તમ છે. ક્લિન્લીનેસ અને સ્ટાફનું વર્તન અને આવકાર ખુબ વ્યવસ્થિત છે. તમામનો હેલ્પફુલ એટીટયુડ ખરેખર વખાણવા લાયક છે. આશીર્વાદ ફાઉન્ડેશને તેની સેવા પ્રવૃત્તિ માટે શુભેચ્છા.

- રમેશ વલાદરા (તા.૨૧-૦૬-૨૨)

(7) Doctor is very good. Treatment very fast. Good recovery. Excellent job.

- Dipti Shah (Dt.29-06-22)

(અભિપ્રાયો ટૂંકાવીને)

# આશિર્વાદ ફાઉન્ડેશનના નિષ્ણાત ડૉક્ટરની સેવાઓ

**નીચેની સેવાઓ રૂ.૫૦/- થી રૂ.૧૦૦/- માં ઉપલબ્ધ (પ્રાઈવેટ ક્લીનિક ઉપર રૂ.~~૫૦૦~~/- થી રૂ.૧~~૫૦૦~~/ ની ફી)**

| તબીબી શાખા | ડૉક્ટરનું નામ | | મળવાનો સમય |
|---|---|---|---|
| ઓર્થોપેડીક સર્જન<br>(હાડકા, પીઠ અને ઘૂંટણ) | **ડૉ. કિરણ સી. પટેલ**<br>**ડૉ. ભવ્ય શાહ** | (M.S.) Ortho.<br>(M.S.) Ortho. | સોમ / બુધ / શુક્ર : બપોરે - ૪.૦૦ થી ૫.૦૦<br>મંગળ : સવારે ૯-૩૦ થી ૧૦.૧૫<br>શનિ : સવારે ૯-૩૦ થી ૧૦.૩૦ |
| કાર્ડિયોલોજીસ્ટ, ૨-ડી ઈકો<br>(હૃદયરોગ) | **ડૉ. નીલ રૂપારેલીયા**<br>**ડૉ. હિતેન અમીન** | (D.Cardio,<br>Clinical Cardiologist)<br>M.D. (Cardiologist) | દરરોજ સવારે ૮.૦૦ થી ૯.૦૦ અને<br>સોમ / બુધ / શનિ : સાંજે ૬.૦૦ થી ૭.૦૦<br>By Appointment |
| ડરમેટોલોજીસ્ટ અને<br>કોસ્મેટોલોજીસ્ટ<br>(ચામડી / જાતીય દર્દો) | **ડૉ. કક્ષા શાહ**<br>**ડૉ. દીપક એન. મુખત્યાર** | M.D. (Skin) Cosmetic<br>M.C.A.I. (Skin) | મંગળ / શુક્ર : સાંજે ૪.૦૦ થી ૫.૦૦<br>બુધ : સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ |
| યુરોલોજિસ્ટ<br>(મૂત્રાશય અને પથરી) | **ડૉ. અંકિત વૈષ્ણવ**<br>**ડૉ. પથિક પારઘી** | (M.S.M.CH Urology)<br>(MBBS, MS, DNB Urology) | સોમ : સાંજે ૫.૩૦ થી ૬.૩૦<br>By Appointment |
| કિડની સ્પેશિયાલીસ્ટ<br>(મૂત્રમાર્ગના રોગ) | **ડૉ. તેજસ પટેલ** | (MD, DNB, Nephrologist) | ગુરૂ : સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ |
| ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ<br>(પેટ, આંતરડાં અને લીવરના નિષ્ણાત) | **ડૉ. પિનાકીન પટેલ** | (MD, DM Gastro) | ગુરૂ : સાંજે ૪.૩૦ થી ૫.૩૦ |
| ઈ. એન. ટી.<br>નાક, કાન, ગળાનાં નિષ્ણાત | **ડૉ. વૈદિક ચૌહાણ** | M.S. (ENT, Head & Neck Surgery) | બુધ : સાંજે ૪.૦૦ થી ૫.૦૦ |
| ઓડિયોલોજીસ્ટ<br>(કાનની બહેરાશનો ટેસ્ટ) | **ડૉ. જયચંદ્રન ગણેશ** | (MASLP) | મંગળ : સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ |
| ન્યુરોસર્જન<br>(મગજ અને કરોડરજ્જુ) | **ડૉ. સુવિધ કે. તુરખિયા** | M.S. (General Surgery)<br>DNB (Neuro Surgery) | By Appointment |
| સાયકોલોજીસ્ટ<br>(માનસિક રોગ) | **ડૉ. જીજ્ઞા ચોકસી અને**<br>**ડૉ. પ્રિયંકા શેટ્ટી** | MA Psychology-PGDRP | સોમ : સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ |
| ફેમીલી ફીઝીશીયન | **ડૉ. કે.એમ. પટેલ** | (M.B.B.S.) | ગુરુ : બપોરે ૩.૦૦ થી ૪.૦૦ |
| પલ્મોનરી ટેસ્ટ<br>(પી.એફ.ટી.) | ડૉ. પાર્થિવ મહેતા | **Sr. Pulmonologist-<br>Intensivist** | By Appointment |
| ડાયાબિટોલોજીસ્ટ એન્ડ<br>એન્ડોક્રીનોલોજીસ્ટ | **ડૉ. વિસ્મય નાયક** | (MD, MRCP PG Dip.) | શુક્ર : સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ |
| ઓપ્થાલ્મોલોજિસ્ટ<br>(આંખના ડૉક્ટર) | **ડૉ. ધવલ મોદી** | M.S. (Ophthalmologist) | મંગળ / શુક્ર : બપોરે ૩.૦૦ થી ૪.૦૦ |
| ગાયનેકોલોજીસ્ટ<br>(સ્ત્રી રોગ) | **ડૉ. દિપીકા રુપારેલીયા**<br>**ડૉ. મીનાક્ષી કોટડાવાલા**<br>ડૉ. જુહી પટેલ | (Dip.Obs & Gynaec FCPS)<br>(M.B.D.G.O.)<br>**M.S. (Obs & Gynaec)** | બુધ / શનિ : બપોરે ૩.૦૦ થી ૪.૦૦<br>મંગળ : બપોરે ૩.૦૦ થી ૪.૦૦<br>સોમ/ગુરૂ : સાંજે ૪ - ૦૦ થી ૫-૦૦ |
| જનરલ સર્જન | **ડૉ. શાશ્વત શાહ** | (MS General Surgery) FAMS | બુધ : સાંજે ૫.૦૦ થી ૬.૦૦ |
| ડેન્ટિસ્ટ (દાંત, પેઢા,<br>ચોકઠું, ઈમ્પ્લાન્ટ સર્જરી)<br>(વાંકાચૂંકા દાંત, સર્જરી) | **ડૉ. રિધ્ધી ટેલર**<br>ડૉ.શાલીન શાહ<br>**ડૉ. ભારવી જાની** | (B.D.S.)<br>**(M.D.S. Oral &<br>Maxillofacial surgeon)**<br>(M.D.S.) | સોમથી શનિ : સવારે ૯.૩૦ થી સાંજે ૭.૦૦<br>By Appointment<br>બીજો અને ચોથો ગુરૂવાર : બપોરે ૩.૦૦ થી ૭.૦૦ |
| રેડિયોલોજીસ્ટ (સોનોગ્રાફી,<br>મેમોગ્રાફી,ડિજીટલ એક્સ-રે | **ડૉ. ઝલક શાહ**<br>**ડૉ. શરદ શાહ** | | સોમ થી ગુરૂ અને શનિ : બપોરે - ૧.૦૦ થી ૨.૦૦<br>સોમ થી શુક્ર : બપોરે ૪.૦૦ થી ૫.૦૦ |
| પેથોલોજી (લોહીના રીપોર્ટ) | **સાયન્ટિફિક લેબોરેટરીના રીપોર્ટસ** | | દરરોજ રીપોર્ટીંગ -(બ્લડ કલેક્શન સેવા ઉપલબ્ધ) |
| એમ.આર.આઈ. / સીટી સ્કેન | **ઉસ્માનપુરા ઈમેજીંગ સેન્ટર** | | By Appointment |

**નોંધ : ડૉક્ટરના સમયની ૧૫ મિનિટ પહેલા કેસ કઢાવી લેવા વિનંતી.**

**Ph.: 079-2999 8918 M. : 9408507102**


# આર.એસ. પટેલ ચેરીટી રીડીંગરૂમ એન્ડ લાઈબ્રેરી વિદ્યાર્થીઓમાં અતિલોકપ્રિય સેવા....

## R.S. Patel Charity Reading Room & Library
(Popular Service amongst students)

મેડિકલ, એન્જિનિયરીંગ, સી.એ., સી.એસ., જી.સેક અને કોસ્ટ એકાઉન્ટન્સી જેવા ઉચ્ચ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને વાંચન માટે આદર્શ સુવિધા મળી રહે તે હેતુથી રાહતદરે રીડિંગરૂમ-લાઈબ્રેરીની સેવાઓ વર્ષ ૧૯૯૬ થી શરૂ કરવામાં આવી છે.







- 24 x 7 Open
- Free wi-fi
- Reference books
- Locker facility
- CCTV
- Biometric entry
- Drinking water
- Tea & coffee
- Plug points
- Glass partitions


R.S. Patel Charity Reading Room & Library.

52, Nathalal Colony, Navrangpura, Ahmedabad, Gujarat-380014

+91 79 26464138 | + 9181550 51451 | E-mail : rspclibrary@gmail.com

# આશીર્વાદ પબ્લિક લાઈબ્રેરી એન્ડ રીડીંગરૂમ
## ચાંદલોડિયા, અમદાવાદ

## Ashirvad Public Library & Reading Room
(Popular Service amongst students)
Chandlodia, Ahmedabad.



ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ટી.કે. ટેકવાણીજીએ સદરહુ લાયબ્રેરીની જગ્યા વિના ભાડે વાપરવા માટે વર્ષ ૨૦૨૭ સુધી સંમતિ આપી વિદ્યાર્થી સેવાના અભિયાનમાં અમારી સાથે જોડાયા છે.

તેમનું સામાજિક પ્રદાન

- હોટલ અને રેસ્ટોરન્ટ એસોસિએશન - પ્રમુખ, ગુજરાત
- સેન્ટ્રલ કાઉન્સીલ રીસર્ચ અને ડેલપોમેન્ટ- નવી દિલ્હીના ૨૦૦૯થી સભ્ય.
- ભારતીય સિંધી સભાના રાષ્ટ્રીય ખજાનચી અને સેક્રેટરી.
- સિંધી વિકાસ પરિષદના પ્રમુખ
- થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશનના ૨૦૦૮ થી ફાઉન્ડર ટ્રસ્ટી







કોવિડ મહામારી હોવા છતાં ચાલુ વર્ષે કુલ ૨૨૫૬ વિદ્યાર્થીઓએ
બંને રીડીંગરૂમનો લાભ લીધેલ છે. એડમીશન માટે વેઈટીંગ લિસ્ટ હોય છે.

404, 4th Floor, Silverstar Complex, Above SBI Chandlodiya, Ahmedabad, Gujarat-382481
94278 00451

## આશીર્વાદ લગ્ન સહાયક સેવાઓ

### Marriage Bureau



**શ્રીમતી કુસુમબેન આર.પટેલ**
**આશીર્વાદ મેરેજ બ્યૂરો- ડાયરેક્ટર**



**શ્રીમતી જાનકી પટેલ**
**આશીર્વાદ મેરેજ બ્યૂરો- આસી. ડાયરેક્ટર**

સંસ્થા દ્વારા લગ્ન સહાયક સેવાઓ ફક્ત રૂા.૧૦૦૦ની રજિસ્ટ્રેશન ફી લઈને આપવામાં આવે છે. અન્ય સહાયક કેન્દ્રો આવી સેવાઓ માટે રૂા.૧૫૦૦૦ કે તેથી વધુ સુધીની ફી લે છે. આ કેન્દ્રની સેવાઓ સમાજમાં ખૂબ જ લોકપ્રિય બની છે. ઉમેદવારોની માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે.

આજથી વીસ કે પચીસ વર્ષ પહેલાં સામાજિક પ્રસંગો કે લગ્ન સમારંભમાં લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી મળી રહેતી હતી. ધંધા-વ્યવસાય અને નોકરીની તકોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. કુટુંબીજનોને લગ્ન પ્રસંગોમાં મહાલવાનો સમય નથી. આજનાં લગ્ન ધંધાકીય પ્રદર્શન થતાં જાય છે પરિણામે પરણવા લાયક બાળકો માટે તેમનાં માતા-પિતાને યોગ્ય અને વિશ્વાસુ માહિતી મેળવવાનું કઠિન બનતું જાય છે. આથી સામાજિક સંસ્થા દ્વારા લગ્ન સહાયક સેવાઓ અનિવાર્ય બનતી જાય છે.

છાપાંની લગ્ન વિષયક જાહેરાતો તથા લગ્ન નેટ પોર્ટલ ઉપરથી માહિતી વિશ્વાસપાત્ર ન હોવાથી અમારા લગ્ન સહાયક કેન્દ્ર દ્વારા ઉમેદવારોની માહિતી તથા તેના કુટુંબની વધુમાં વધુ ચોકસાઈ કરવામાં આવતી હોવાથી અમારી સેવાઓ ખૂબ જ લોકપ્રિય બની છે.

**લગ્ન સહાયક સેવા કેન્દ્રનો સમય :**
**મંગળવાર, ગુરૂવાર, શનિવાર બપોરે : ૧૨ થી ૩ કલાકે**

Timings :- Tuesday, Thursday, Saturday 12.00 pm to 3.00 pm

આપના લાડીલા સંતાનોના જીવનસાથીની પસંદગી માટે જન્માક્ષર મેળવવાનો આગ્રહ કરતાં તેના મેડિકલ રિપોર્ટ અને કુટુંબના સંસ્કારને વધુ મહત્ત્વ આપવા વિનંતી.

## દાતાઓનો ઋણ સ્વીકાર

Acknowledgment of gratitude to our Donors.

**You have the power to bring happiness....**

Many faces have smiled with your donations.....

વર્ષ ૨૦૨૧-૨૨નું દાતાઓના દાનનું પવિત્ર ઝરણું

## અમે આભારી છીએ...

અમારા માનવંતા દાતાઓ તરફથી વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ રૂા.૮૭,૬૦,૮૫૦/- અંકે રૂપિયા સિત્યાસી લાખ સાઈઠ હજાર આઠસો પચાસ જેટલી માતબર રકમનું દાન મળેલ છે.

### જાહેર નિવેદન

અમને આવી માતબર રકમમાં સ્વયંભૂ દાન અમારા દાતાઓ તરફથી મળ્યાં છે. સમાજસેવાની અમારી જવાબદારી વધી છે. આપના દાનનો છેલ્લામાં છેલ્લો રૂપિયો આપે આપેલ દાનના હેતુ માટે જ વપરાય છે અને વપરાશે તેની ખાતરી આપીએ છીએ.

આશીર્વાદ ફાઉન્ડેશન ટ્રસ્ટી

# દાતાઓનો ઋણ સ્વીકાર

Acknowledgment of gratitude to our Donors.

»» વર્ષ ૨૦૨૧-૨૨નું દાતાઓનું દાનનું પવિત્ર ઝરણું ««

₹ ૧,૦૦,૦૦૦ થી વધુ રકમના દાતાશ્રીઓ

Donors of More than Rs. 1 Lac

| ક્રમ | મેડીકલ ફંડના દાતાશ્રીઓ | રકમ |
|---|---|---|
| ૧. | શુભેચ્છક દાતાશ્રી | ૩૦,૦૦,૦૦૦ |
| ૨. | ડેફોડિલ ફાર્માકેમ પ્રા.લિ.- જીતુભાઈ આર. પટેલ | ૧૧,૦૦,૦૦૦ |
| ૩. | શુભેચ્છક દાતાશ્રી | ૧૧,૦૦,૦૦૦ |
| ૪. | અવિરત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ | ૫,૦૦,૦૦૦ |
| ૫. | આર.એસ. પટેલ એન્ડ કંપની | ૫,૦૦,૦૦૦ |
| ૬. | શ્રી સૌરભ સોપારકર સિનીયર એડવોકેટ | ૩,૦૦,૦૦૦ |
| ૭. | શ્રી બલદેવદાસ ચેરીટેબલ ટ્રસ્ટ- શ્રી રમણભાઈ જે. પટેલ - ઈન્ડિકા લેબ | ૨,૦૦,૦૦૦ |
| ૮. | એસએસી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લીમીટેડ | ૧,૫૧,૦૦૦ |
| ૯. | સિમંધર સતકાર્ય ચેરીટેબલ ટ્રસ્ટ - જયંતીભાઈ સી. પટેલ | ૧,૨૧,૦૦૦ |
| ૧૦. | શ્રી રામામલ્ટીટેક લિ. | ૧,૦૦,૦૦૦ |
| ૧૧. | ડી.આર.એ ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લીમીટેડ | ૧,૦૦,૦૦૦ |
| ૧૨. | ટેકનો ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લીમીટેડ | ૧,૦૦,૦૦૦ |
| ૧૩. | હસુમતીબેન જયંતિભાઈ પટેલ | ૧,૦૦,૦૦૦ |
| ૧૪. | ધ અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓપ. બેંક લિ. | ૧,૦૦,૦૦૦ |
| ૧૫. | રશ્મીકાંત જમનાદાસ શાહ | ૧,૦૦,૦૦૦ |

# દાતાઓનો ઋણ સ્વીકાર

Acknowledgment of gratitude to our Donors.

»» વર્ષ ૨૦૨૧-૨૨નું દાતાઓના દાનનું પવિત્ર ઝરણું ««

₹૧૦,૦૦૦/- થી રૂા.૧,૦૦,૦૦૦/- સુધીની રકમના દાતાશ્રીઓ Donors of Rs.10,000/- to Rs.1,00,000/-

| ક્રમ | મેડીકલ ફંડ તથા જનરલ ડોનેશનના દાતાશ્રીઓ | રકમ |
|---|---|---|
| ૧. | જીતેન્દ્ર હિરાલાલ સવાઈ | ૯૫,૦૦૦ |
| ૨. | ભાનુપ્રસાદ ગોવિંદભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | ૭૦,૦૦૦ |
| ૩. | રંજન બીપીનચંદ્ર શાહ | ૫૧,૦૦૦ |
| ૪. | એન્ડેલ રીટેઈન્ટ કસ્ટમર કેર પ્રા.લી. | ૫૧,૦૦૦ |
| ૫. | એન.સી.સી ઈન્ફ્રાસ્પેસ પ્રા.લી. | ૫૧,૦૦૦ |
| ૬. | કનુભાઈ નાથુભાઈ પટેલ (દેત્રોજવાલા) | ૫૧,૦૦૦ |
| ૭. | સી.એ.જશવંતલાલ ત્રીકમલાલ શાહ | ૫૧,૦૦૦ |
| ૮. | જયસુખભાઈ જે. શાહ, વડોદરા | ૫૦,૦૦૦ |
| ૯. | એસ.એમ. નાણાવટી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ- ધર્મિષ્ઠાબેન નાણાંવટી | ૫૦,૦૦૦ |
| ૧૦. | શ્રી ચંદ્રવદન દુર્ગાપ્રસાદ લશ્કરી ચેરીટેબલ ટ્રસ્ટ | ૫૦,૦૦૦ |
| ૧૧. | ઓમની લેન્સ પ્રા.લી. | ૩૪,૦૦૦ |
| ૧૨. | સિદ્ધાર્થ રતીલાલ શાહ | ૩૨,૧૦૦ |
| ૧૩. | નિલેશ બાબુલાલ શાહ | ૩૧,૦૦૦ |
| ૧૪. | રુતા અમીતભાઈ પટેલ | ૨૫,૦૦૦ |

# દાતાઓનો ઋણ સ્વીકાર

Acknowledgment of gratitude to our Donors.

## વર્ષ ૨૦૨૧-૨૨નું દાતાઓનું દાનનું પવિત્ર ઝરણું

₹૧૦,૦૦૦/- થી રૂા.૧,૦૦,૦૦૦/- સુધીની રકમના દાતાશ્રીઓ Rs.10,000/- to Rs.1,00,000/- Donors

| ક્રમ | મેડીકલ ફંડ તથા જનરલ ડોનેશનના દાતાશ્રીઓ | રકમ |
|---|---|---|
| ૧૫ | ગીતાબેન નરેન્દ્રભાઈ શાહ | ૨૫,૦૦૦ |
| ૧૬. | મનિષા તેજલભાઈ શાહ | ૨૫,૦૦૦ |
| ૧૭. | શ્રી ઝવેરભાઈ બાબરભાઈ સેવા ટ્રસ્ટ | ૨૫,૦૦૦ |
| ૧૮. | નવનીત ફાઉન્ડેશન | ૨૦,૦૦૦ |
| ૧૯. | શ્રી વિજયકુમાર ગોપાલદાસ ગાંધી ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૨૦. | વિપુલભાઈ શંકરભાઈ પટેલ | ૧૧,૦૦૦ |
| ૨૧. | લાયન્સ ક્લબ ઓફ નરોડા | ૧૦,૦૦૦ |

પ્રેમથી આપનારને બહાના નથી હોતા,
જીંદગીમાં દાન આપવાના પ્રસંગો નથી હોતા,
દુ:ખીજનના આંસુ લૂછવા તેડાં નથી હોતાં,
સ્વયંભૂ દાનેશ્વરીને અભરખાં નથી હોતાં.

**"આરેશ"**

# ટીમ આશીર્વાદ ફાઉન્ડેશન



## અપીલ

**Your donation is our strength.**

We invite our donors to contribute for the cause of charity.

Bank Details : Ashirvad Foundation A/c No.:03110110484
Kalupur Commercial Co.Op.Bank Ltd.
Stadium Road Branch, Ahmedabad
RTGS/ NEFT IFSC Code : KCCB0SDR031
CBS BRANCH

Our Trust is eligible under IT Act-S,80G & for CSR under Companies Act.